**ફોજદારી કેસ નં.: ૩૨૬૩૧/૧૮**

**પેરા–૬:–**

**(૧)** આ કામનાં આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ જુગાર ધારાની કલમ–૧૨, ૧૨(અ), ૪, ૫ મુજબના ગુનાનો આરોપ છે અને તે આરોપીઓએ સ્વેચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગનાંછે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીઓએ તેનાં નિવેદનમાં સ્વેચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

**(૨)** આરોપીઓએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીઓની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સંજોગોને ધ્યાને લેતાં તેમજ ***રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪*** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં તેમજ ***ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર*** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં, જો પૂરતાં અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાનાં સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીઓનાં સંજોગોને ધ્યાને લેતાં, આરોપીઓને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેનાં વાજબી અને વિશિષ્ટ કારણો જણાતાં હોઈ, આરોપીઓ ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**–: હુ કુ મ :–**

૧. આ કામનાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨, ૧૨(અ), ૪, ૫ નાં ગુના માટે તકસીરવાર ઠરાવી, દરેક આરોપીને રૂપીયા.૧૦૦/– (અંકે રૂપીયા સો પૂરા) લેખે નો દંડ, તથા દંડ ના ભરે તો દિન–૧ ( એક_) ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ નાણાં નિયમાનુસાર સરકારશ્રીમાં જમા કરાવવા તેમજ અન્ય મુદ્દામાલનો અપીલ સમય વીત્યેથી નાશ કરવો.

હુકમ આજ તારીખ ૨૨ મી માહે એપ્રિલ, સને ૨૦૧૮ નાં રોજ, મારી સહી તથા આ અદાલતનો સિકકો કરીને, ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૨૨/૪/૨૦૧૮.**
**મુકામ : અમદાવાદ.**

**( એન.પી.રાડીયા)**
**ઍડિશનલ ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૅાર્ટ નં.૨૩, અમદાવાદ.**
**(GJ00621)**